# હિંમતનગર ખાતે ગાંધી જયંતિની ભાવસભર ઉજવણી સંપન્ન

હિંમતનગર, તા. ૨

આપણા સૌના લોકલાડીલા અને આપણા ભારત દેશને આઝાદી અપાવનાર પુજનીય મહાત્મા ગાંધી બાપુની પ્રતિમાને મોતીપુરા, હિંમતનગર મુકામે કોંગ્રેસ પક્ષ દ્વારા સુતરની આંટી પહેરાવી ફુલહાર કરીને ગાંધીબાપુ અમર રહો, જબતક સુરજ ચાંદ રહેગા ગાંધી બાપુ તુમ્હારા નામ રહેગા, કોંગ્રેસ જીંદાબાદ, સોનિયા ગાંધી જીંદાબાદના સુત્રોચ્ચાર કર્યા હતા અને ગાંધીબાપુની પ્રતિમા આગળ પ્રાર્થના કરી હતી કે આવનાર ૨૦૧૨માં ગાંધીનગરમાં કોંગ્રેસ સરકારનો તિરંગો લહેરાય તેવી પ્રાર્થના કરી હતી. તે દરમિયાન ઉપસ્થિત જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ નિર્મલાબેન પંચાલ, શહેર કોંગ્રેસ પ્રમુખ જગદીશભાઈ જયસ્વાલ, નગરપાલિકા વિરોધપક્ષના નેતા ઈશાક શેખ, કોર્પોરેટર જ્યોતિબેન દવે, કોર્પોરેટર રજ્જાકભાઈ પુનાસિયા, ડી.એલ. પટેલ, રણજીતસિંહ સોલંકી, અશોકભાઈ પટેલ, સતીષભાઈ શાહ, રાજુભાઈ રાવલ, રણછોડભાઈ પરમાર, કૃપલભાઈ રાવલ, જયદીપભાઈ બારોટ, કમળાબેન પરમાર, જુબેદાબેન પઠાણ, ઝાલમસિંહ બાપુ, ગીરીશભાઈ ચૌહાણ, યુસુફભાઈ બચ્ચા, મુદસરભાઈ વિજાપુરા, કાન્તભાઈ કામેતી, કુમાર ભાટ તેમજ કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા.


(તસવીર : મગન વણઝારા, હિંમતનગર)

આવનારા દિવસોમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારને કઈ રીતના એક થઈને જીતાડી શકાય તેની ચર્ચા કરી હતી. આપણા સૌના આદર્શ એવા મહાત્મા ગાંધી બાપુ અને તેમની સમગ્ર ટીમે સાથે મળીને અંગ્રેજોને જે રીતે આપણા ભારત દેશમાંથી કાઢી મુકયા હતાં તે જ પ્રમાણે આ ગુજરાતમાંથી સરમુખત્યારશાહી અને એકહથ્થું શાસન ચલાવી કરોડો રૂપિયાનું કૌભાંડ કરતી અને ઉત્સવો પાછળ અને મોટા મોટા હોર્ડીંગ્સ, ફોટાઓ લગાવીને વિકાસના નામે જન પ્રજાને છેતરી કેન્દ્ર સરકારની અનેક યોજનામાં આવેલા કરોડો રૂપિયાનો સદઉપયોગ કર્યા વગર ભાજપની વાહવાહની પાછળ જ ખર્ચી નાંખી અનેક લોકોને તેમના હકોથી વંચિત રાખી અન્યાય કરેલ છે. તે હેતુસર આ ભાજપની સરકારને જાકારો આપવા હાકલ કરી હતી અને કોંગ્રેસ પક્ષની ૨૦૧૨માં ગુજરાત રાજયમાં સરકાર રચાયતે માટે ગાંધી બાપુની પ્રતિમા આગળ પ્રાર્થના કરી હતી.




પ્રાંતિજમાં કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા 'ઘરનું ઘર'ના ભરેલા ફોર્મ પરત આપવા માટે આજે મહિલાઓની લાંબી લાઈનો જોવા મળી હતી અને હજુ પણ બે દિવસ આ જ પ્રકાર ભરેલા ફોર્મ સ્વીકારવા માટે લાંબી કતારો જોવા મળશે.
(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પાલનપુર લૉ કોલેજ દ્વારા રસાણામાં મફત કાનૂની શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૨

પાલનપુર તાલુકાના નાના રસાણા ગામે ગત તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ મફત કાનૂની શિબિરનું આયોજન બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં નાટક દ્વારા ગામના લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ ગામના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

રસાણા ગામે યોજાયેલી મફત કાનૂની શિક્ષણ શિબિરનો મુખ્ય હેતુ કાયદાકીય જાગૃતિ લાવી ગામના લોકોને કાયદાકીય અધિકારોથી અવગત કરવાનો હતો. લૉ કોલેજના વિદ્યાર્થીઓએ ગામમાં રેલી યોજી કાયદાના વિવિધ સૂત્રો અને ગીતો દ્વારા માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ નાટક દ્વારા 'દહેજ એક દૂષણ', 'સ્ત્રી ભ્રુણહત્યા' અને કોલેજની વિદ્યાર્થિની સેજલ અખાણીએ 'ગર્ભમાં રહેલ બાળકીની વ્યથા વેદના ખુબ સુંદર રીતે રજુ કરેલ.કોલેજના આચાર્ય મિનલબેને કાનૂની શિક્ષણના મહત્વ અંગે માહિતી આપી હતી. ત્યારબાદ હિરલ જોષીએ મફત કાનૂની સહાય કોણ મેળવી શકે તે ઉપરાંત લૉ કોલેજમાં ચાલતા કાનૂની સહાય કેન્દ્ર અંગે જાણકારી આપી હતી. શિબિરમાં ગામવાસીઓ, શાળાના શિક્ષકો, આચાર્ય, લૉ કોલેજ પરિવાર, રસાણાના સરપંચ, ગામના અગ્રણી અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શિબિરને સફળ બનાવી હતી. પ્રો. વૈશાલી પંચાલે ઉપસ્થિત તમામ વ્યક્તિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સાબરકાંઠા જિલ્લામાં બે બાઈકો ચોરાઈ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાંથી અને ધનસુરામાંથી મળી બે બાઈકો ચોરાતા પોલીસ મથકે ફરિયાદ રવિવારના રોજ નોંધાઈ હતી.

આ અંગેની વિગત મુજબ હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં આવેલા શ્રીનાથ ચેમ્બર આગળથી ૨૯મી સપ્ટેમ્બરની સાંજે સાત વાગેના સુમારે ગાંભોઈના મેહુલકુમાર સતીશભાઈ પ્રજાપતિએ પોતાનું પાર્ક કરેલ બાઈક ચોરાઈ જતા હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી જયારે ધનસુરામાં બંસીધર સોસાયટીમાં રહેતા અલ્પેશકુમાર ધીરજલાલ શેઠે પોતાની બાઈક પોતાના ઘર આગળ પાર્ક કરેલ જે બાઈક ૧૭મી સપ્ટેમ્બરની રાત્રીના ચોરાઈ જતા ધનસુરા પોલીસ મથકે રવિવારના રોજ ફરિયાદ નોંધાઈ હતી.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા ખાતે સમાજ શૈક્ષણિક વિકાસ મંડળ બનાસકાંઠા દ્વારા આજરોજ મંડળની અગીયારમાં વાર્ષીક સાધારણ સભા અને તેજસ્વી તારલાઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમનો અજાપુરા ખાતે આવેલ ગોરધનજી ગીગાજી વિદ્યા સંકુલમાં એક કાર્યક્રમ રખાયો હતો. આ કાર્યક્રમમાં દિયોદરના ભાજપના ધારાસભ્ય અનિલભાઈ માળી, મુખ્ય દાતા વક્તાજી ગેલોત, દરગાજી પઢીયાર, તેમજ જ્યોતિબા ફુલે એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ બાબુલાલ માળી, મગનલાલ માળી, પી.એન. માળી, પી.કે.સુંદેશા તેમજ ભુજ મેજીસ્ટ્રેટ જયેશભાઈ સોલંકી સહીતના આગેવાનો ઉપસ્થીત રહ્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે વિકાસ શીલ થઈ સમાજમાં ઉન્નત નામ કરવાની હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સરસ્વતી સન્માન અંતર્ગત શીલ્ડ અને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. સમાજના આગેવાનોએ આ કાર્યક્રમમાં કન્યા કેળવણી ઓછુ હોઈ દીકરીઓને યોગ્ય શિક્ષણ આપવા પર ભાર મુક્યો હતો. આ પ્રસંગે મંડળના પ્રમુખ પાંચાભાઈ માળીએ મંડળની પ્રવૃતિની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો તેમજ ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

# ખેડબ્રહ્માના વિકાસ કામોમાં ગેર વહીવટ : ઈજનેર મોજમાં

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા નગરમાં છેલ્લા ઘણા સમયથી કરોડોના ખર્ચે થઈ રહેલા વિકાસ કામોમાં અધિકારીઓની બેદરકારી અથવા તો મિલી ભગતથી મોટા પાયે અણઘડ વહીવટ થઈ રહ્યો છે. પરિણામે પ્રજા પરેશાન થઈ રહી છે અને નગરપાલિકા નુકશાન વેઠી રહી છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા શહેરમાં તંત્ર દ્વારા છેલ્લા ઘણા સમયથી કરોડો રૂપિયાના ખર્ચે વિકાસ કામો થઈ રહ્યા છે. અને હાલ ગૌરવપથ અને ફુટપાથ જેવા અનેક કામો કાર્યરત છે. જેમાં માણેકચોક વિસ્તારમાં નગરપાલિકાના ઈજનેરે ટેલીફોન એકસચેન્જની ડીપી દૂર કર્યા વગર જ કોન્ટ્રાકટરને લાઈન આપી દઈ પોતાની રોટલી શેકી રહ્યા હોવાનું હાલ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે અને શું આ ડીપી ઈજનેરને દેખાતી નથી કે દેખવા માંગતા નથી? આવા અનેક કામોમાં આ ઈજનેરના અણઘડ વહીવટથી નાગરિકો ભારે પરેશાન થઈ રહ્યા છે તો બીજી તરફ નગરપાલિકા પણ નુકસાન વેઠી રહી છે ત્યારે નગરપાલિકા તંત્ર દ્વારા જવાબદાર અધિકારી વિરૂધ્ધ પગલા લેવાય તેવી માંગ નાગરિકો કરી રહ્યા છે.

## વિદ્યાનગરી કોલેજમાં યોગ અને રમતોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૨

હિંમતનગર સ્થિત કોલેજ ઓફ એજયુકેશન વિદ્યાનગરની તાલીમાર્થીઓ દ્વારા સંસ્થા ખાતે યોગ અને રમત ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું.

હિંમતનગરની વિદ્યાનગરી કોલેજમાં આયોજીત યોગ અને રમતગમત કાર્યક્રમમાં વોલીબોલ, ખોખો, ગોળા ફેંક, સંગીત ખુરશી જેવી વિવિધ રમતો યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું કૌશલ્ય પ્રદર્શીત કરી વિજેતા ક્રમ હાંસલ કર્યા હતા અને પ્રોત્સાહક ઈનામો મેળવ્યા હતા. ઉપરાંત વિદ્યાર્થીઓને વિવેકભાઈ અને પ્રકાશભાઈ દ્વારા અલગ અલગ પ્રકારના યોગની તાલીમ આપવામાં આવી હતી. કોલેજ સંચાલક-આચાર્ય સહિત કોલેજ પરીવારે વિદ્યાર્થીઓને બિરદાવી પ્રોત્સાહીત કર્યા હતાં.

## ટ્રિનેટી સ્કૂલ તલોદમાં ટ્રાફિક એજ્યુકેશનનો કાર્યક્રમ યોજાયો

આર.ટી.ઓ. અમદાવાદ તરફથી ટીમવાનના ટ્રેઈનર દિપકભાઈ ઓવારા, મકનસિંહ ઝાલા તથા તેઓની ટીમનાં સભ્યો દ્વારા શાળાના વિદ્યાર્થીઓને ટ્રાફિક અંગે પ્રાથમિક માહિતી ઓડિયો, કેસેટ, વિડિયો દશ્ય શ્રાવ્ય માધ્યમથી પુરી પાડવામાં આવી.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આજે રાષ્ટ્રપિતા માહાત્માગાંધીજીની ૧૪૪મી જન્મજયંતિ નીમિત્તે ડીસામાં જાગૃતી સેવા ટ્રસ્ટના આગેવાનો દ્વારા માહાત્મા ગાંધીના વિચારો અને સંકલ્પોના પ્રચાર તેમજ પ્રસાર હેતુ એક રેલી કાઢવામાં આવી હતી. જેમાં શહેરના મુખ્ય બજારમાં આવેલ ગાંધીજીના પ્રતિમાને સુતરની આંટી પહેરાવી ભાવ પૂર્વક શ્રધ્ધા સુમન અર્પણ કરાયા હતા.

## ડીસામાં ગાંધી જન્મ જયંતિની ઉજવણી : કોંગ્રેસ, ભાજપ તેમજ પાલિકા સહીત સામાજીક સંસ્થાઓએ બાપુને પુષ્પાંજલી અપાઈ

ડીસા, તા. ૨

આજે સમગ્ર ભારત દેશમાં રાષ્ટ્રપિતા પુજનીય મહાત્મા ગાંધીજીની ૧૪૪મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરાઈ રહેલ છે. જેમાં આજ રોજ ડીસા મુખ્ય બજાર પાસો આવેલ ગાંધીજીની પ્રતિમાને વહેલી સવારથી જ જાગૃત ટ્રસ્ટના આગેવાનો તેમજ ડીસા નગરપાલિકા અને કોંગ્રેસ તેમજ ભાજપના આગેવાનોએ સુતરની આંટી પહેરાવી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. આજના દિવસે રાષ્ટ્રપિતા ગાંધીજીના આદર્શો અને સંકલ્પોને કંઠસ્થ કરી જીવનમાં તેને ઉતારવાનું સૌ હાજર આગેવાનોએ સંકલ્પ કર્યો હતો.

ડીસામાં મુખ્ય બજાર ખાતેના ગાંધીજીની જન્મ જયંતિ પ્રસંગે જાગૃતી ટ્રસ્ટ બનાસકાંઠા દ્વારા મહાત્માગાંધીના ઉન્નત વિચારો અને જીવન મુલ્યોના પ્રચાર પ્રસાર માટે એક ભવ્ય રેલી શહેરના રાજમાર્ગો પરથી કાઢવામાં આવી હતી. જેમાં જાગૃતી ટ્રસ્ટના પ્રમુખ ડૉ. પી.એચ.ભાટી, નીયામક અશ્વિનભાઈ પરમાર, હરીભાઈ દેસાઈ તેમજ જયેશ પરપમાર વગેરે હાજર રહ્યા હતા. જ્યારે ડીસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ ભરતીયા, શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, હાથીભાઈ વાઘેલા, સહીતના આગેવાનોએ સુતરની આંટી પહેરાવી શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

શ્રધ્ધા સુમનના આ કાર્યક્રમમમાં શહેર ભાજપ પ્રમુખ શશીકાન્તભાઈ પંડયા, કિસાન મોરચા જીલ્લા પ્રમુખ મગનલાલ માળી તેમજ બાબુલાલ માળી, શહેર ભાજપ મહામંત્રી રમેશભાઈ દેલવાડીયા વિગેરે દ્વારા પણ ગાંધીજીને પુષ્પાંજલી કરાઈ હતી. જ્યારે જીલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ બહાદુરસિંહ વાઘેલા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોર, કાંતીલાલ ઠર, તેમજ અન્ય કોંગી કાર્યકરો દ્વારા પણ ગાંધીજીના આદર્શોને જીવનમાં ઉતારવાના સંકલ્પ સાથે તેમની પ્રતિમાની પુષ્પાંજલી અર્પણ કરાઈ હતી.

## નામ બદલેલ છે

મારૂ નામ બડોલીયા પ્રફુલરાજ હરિશ્ચન્દ્ર હતું તે બદલીને બડોલીયા રાજ હરિશ્ચન્દ્ર રાખેલ છે.

લી.
બડોલીયા રાજ હરિશ્ચન્દ્ર
૮૯૬/૧, સે. ૨/સી, ગાંધીનગર


**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
મધુર ડેરી, 'ક' રોડ, જીઆઈડીસી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૩. ફોન : ૨૩૨૮૭૧૩૪થી ૩૮

**જાહેર નોટીસ**

આથી મધુર ડેરીના વપરાશકારોને જણાવવાનું કે, તા. ૩-૧૦-૨૦૧૨ના સવારથી અમલમાં આવે તે રીતે મધુરના દૂધના પાઉચ પેકના મહત્તમ વેચાણ ભાવ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ક્રમ | દૂધનો પ્રકાર | પ્રતિ પાઉચનો ભાવ (રૂા.) |
|---|---|---|
| ૧. | મધુર ટોન્ડ (તાજા) દૂધ ૫૦૦ મિલિ. | ૧૪-૫૦ |
| ૨. | મધુર સ્ટાન્ડર્ડ (શક્તિ) દૂધ ૫૦૦ મિલિ. | ૧૮-૦૦ |
| ૩. | મધુર ફૂલક્રીમ (ગોલ્ડ) દૂધ ૫૦૦ મિલિ. | ૨૦-૦૦ |
| ૪. | મધુર ગાયનું દૂધ ૫૦૦ મિલિ. | ૧૬-૫૦ |

ઉપરોક્ત ફેરફાર થયેલ દૂધ વેચાણ ભાવને કારણે પાઉચ છાપેલ ભાવ આથી રદ થાય છે. ઉપરોક્ત પેકીંગમાં જ્યાં સુધી જૂના વેચાણ ભાવ છપાયેલા પાઉચ ફિલ્મનો સ્ટોક હશે ત્યાં સુધી તેનો ઉપયોગ કરવામાં આવશે. જેની સર્વે વપરાશકાર ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી છે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી
ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.



**જાહેરાત ૦૧-૨૦૧૨**

ધોરેલા સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧/૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરમાં જુદી જુદી કામગીરી માટે મેનપાવર પુરા પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી. મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તા. ૧૬-૧૦-૨૦૧૨ સુધીમાં ઉપરોક્ત સરનામેથી 'ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી'ના નામનો રૂ. ૧૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂમાં મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. ટેન્ડર ફોર્મ ઉપરોક્ત અધિકારીને સીલબંધ કવરમાં તા. ૨૨/૧૦/૨૦૧૨ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

તા. ૧/૧૦/૨૦૧૨ — મુખ્ય કારોબારી અધિકારી
સ્થળ : ગાંધીનગર — ડીએસઆઈઆરડીએ
માહિતી/૧૬૦૮/૧૨-૧૩



**જાહેર નિવિદા**
સાક્ષરતા અને નિરંતર નિયામકની કચેરી
બ્લોક નં. ૧૨, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર પીન કોડ નં. ૩૮૨૦૧૦ ફોન નં. ૨૩૨૫૪૦૨૫

**આંતરિક ઓડિટની કામગીરી માટે દરખાસ્ત તૈયાર કરી આપવા માટેનું આમંત્રણ**

સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી દ્વારા ચલાવવાની કેન્દ્ર અને રાજ્ય પુરસ્કૃત યોજનાઓના સને ૨૦૧૦-૧૧ અને સને ૨૦૧૧-૧૨માં થયેલ આવક અને ખર્ચના હિસાબોના આંતરિક ઓડિટ માટે દરખાસ્તો રજીસ્ટર્ડ ચાર્ટડ એકાઉન્ટ ફર્મસ પાસેથી મંગાવવામાં આવે છે. આંતરિક ઓડિટની બોલીઓ અને શરતો તથા જીર્ષ્ઠી કંરીુંાિ વિગેરે આ કચેરીમાંથી રૂબરૂમાં અથવા પત્ર દ્વારા કચેરી સમય દરમિયાન તા. ૧૫-૧૦-૨૦૧૨ સુધીમાં મેળવી લેવાના રહેશે. તથા તા. ૨૦-૧૦-૨૦૧૨ સુધીમાં મોકલી આપવાના રહેશે.

સહી/-
નિયામક વતી
સાક્ષરતા અને નિરંતર શિક્ષણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
માહિતી/૧૬૧૮/૧૨-૧૩



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
**મોર્ડન મોટર્સ**
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE — બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ — ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601